જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૮	૦	૧૨૮	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૨૦૪	૧૨૩	૮૧૩૨૭	૮૨૨૩૩	૧૧૯	૮૨૩૫૨
કુલ		૯૭૮૦૩	૧૨૩	૯૭૯૨૬	૧૦૬૭૬૨	૧૧૯	૧૦૬૮૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૪,૫૮,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૮૪	૭,૮૪,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૬/૨૦૨૨**

વેજલપુરઃ સુરેશકુમાર પોપટલાલ પટેલ (ઉ.વ.૬૬) (રહે. શ્યામકુંજ સોસાયટી નહેરૂનગર ચાર રસ્તા પાસે આંબાવાડી) એ તા.૨૯/૦૧/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશકુમાર પટેલ વિશાલા પાસે આવેલ એપીએમસી માર્કેટ દુકાન નંબર-૮૫ થી ૮૯ માં "એસ.પી.ચીપ્સ પોટાટો પ્રા.લી" કંપની ધરાવી વેપાર કરતા હતા. જે કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા મનીષભાઇ મગનભાઇ શ્રીમાળી (રહે. આવિષ્કાર સોસાયટી વિભાગ-૨ મંગલજીવન રો-હાઉસ પાસે મલાવ તળાવ પાસે જીવરાજપાર્ક વાસણા) એ સને-૨૦૧૩ થી સને-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન કંપનીમાંથી રૂપિયા ૪૬,૮૨,૧૩૭/-મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

ઓઢવઃ જીતેન્દ્રભાઇ વલ્લભભાઇ માંડાણી (ઉ.વ.૫૦) (રહે. કેમ્સ કોર્નર ગંગોત્રી સર્કલ પાસે નીકોલ) એ તા.૨૯/૦૧/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓઢવ કલ્પ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેડ નંબર-૨૮ શ્રી હરી ઇન્ડસ્ટ્રીજ ખાતે જીતેન્દ્રભાઇ માંડાણી તેલનો વેપાર કરતા હોઈ નડીયાદ જી.ખેડા ગંજબજાર કબ્રસ્તાન ચાર રસ્તા સંતરામ સેલ્સ એન્ડ કોર્પોરેશન દુકાન નંબર-૨૭ ખાતે તેલનો વેપાર કરતા આરોપી (૧) જનકભાઇ રમેશભાઇ પંડયા અને (૨)ઉત્તમભાઇ રાજેશભાઇ બારોટ એ જીતેન્દ્રભાઈ માંડાણી પાસેથી તા.૦૯/૧૨/૨૦૨૧ થી તા.૦૫/૦૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન તેલના ડબ્બા મંગાવતા તેલના ડબ્બા કિંમત રૂપિયા ૬,૨૩,૨૯૯/- મોકલી આપતા તેલના ડબ્બા મેળવી લઈ નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૭/૨૦૨૨**

કાલુપુરઃ ભવરૂરામ કરનારામ દરજી (રહે. ખડતરની ખડકી ભુદમલ સરબતવાળા સામે ઝવેરીવાડ રતનપોળ કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે રતનપોળ ખાતે આવેલ "શાહ રમણલાલ રાજમલ" નામની પોતાની દુકાનના દરવાજાની સ્ટોપર તોડી બે પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- તથા સાહેદની દુકાનના કાઉન્ટરનાં ગલ્લા માંથી રૂપિયા ૨૫૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

વાસણાઃ રોનક રઘાજી સરગરા (રહે. ખોડિયાર શેરી સોમેશ્વરનગર વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી તા.૨૯/૦૧/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૯૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૯૮/૨૦૨૨**

એલીસબ્રીજઃ રવિન્દ્રસિહ અમરસિહ ઠાકુર (રહે.અશોકા એપાર્ટમેન્ટ દિનેશ મીલની બાજુમાં અકોટા રોડ વડોદરા) એ તા.૨૯/૦૧/૨૦૨૨ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૨ ના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ ચાર રસ્તા એમ.જે.લાઇબ્રેરી સામે "આઇ.ટી.ડી સીમેન્ટેશન ઇન્ડીયા લીમીટેડ" કંપનીના કન્ટેનરમાંથી અલગ-અલગ પ્રકારના કેબલ કિમત રૂપિયા ૩,૭૭,૫૮૯/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

ભુલથી ઝેરી દવા પી લેતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૯/૨૦૨૨**

શાહપુરઃ હિમ્મતલાલ ચમનલાલ રાણા (ઉ.વ.૫૦)(રહે.ભવન્સ કોલેજ આગળ ફુટપાથ ઉપર છાપરામાં શાહપુર) એ તા.૨૭/૦૧/૨૦૨૨ ના રોજ પોતાના ઘરે ભુલથી ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૧/૨૦૨૨ કલાક ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૨**

રિવરફ્રંટ વેસ્ટઃ શૈલેષકુમાર પુનમચંદ પરમાર (ઉ.વ.૪૦) (રહે. વૃંદાવનનગર નારોલ કોર્ટ પાછળ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે એન.આઈ.ડી.પાછળ વોક-વે સીડી નંબર-૪૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.